પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૧ | ૨૧ મે, ૨૦૧૮, સોમવાર ; અ. જેઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**પાક.માં હિન્દુ મંદિર માટે બે કરોડનુ દાન**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સરકારે રાવલપીંડી સ્થિત કૃષ્ણ મંદિર માટે બે કરોડનું દાન આપ્યુ છે. હિન્દુ ભક્તો માટે આ પગલુ લેવાયું છે.

**કર્ણાટકમાં લોકતંત્રની જીત : રજનીકાંત**

સુપરસ્ટાર રજનીકાંતે કર્ણાટક બાબતે પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યુ કે કર્ણાટકમાં લોકતંત્રની જીત થઈ છે. તેમણે સુપ્રિમ કોર્ટને ધન્યવાદ આપ્યા હતા.

**નીરવ મોદી વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસની સંભાવના**

પીએનબી કૌભાંડના આરોપી નીરવ મોદી અને મેહુલ ચોક્સી વિરૂદ્ધ રેડ કોર્નર નોટીસ બાબતે ઈન્ટરપોલની મદદ લઈ શકાય છે. સીબીઆઈ આ બાબતે કાર્યવાહી કરી રહી છે.

**ક્યૂબામાં વિમાન દુર્ઘટનામાં ૧૧૦ના મોત**

ક્યૂબામાં થયેલા વિમાન દુર્ઘટનામાં ૧૧૦ના મોત નીપજયા છે. આ દુર્ઘટના રાજધાની હવાનાના એરપોર્ટ નજીક બની હતી.

**ગાંધી જયંતિએ ટ્રેનમાં નોનવેજ નહી મળે**

ગાંધી જયંતિની સાથે બીજા ઓક્ટોબરે દેશમાં સ્વચ્છતા દિવસની પણ ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે ટ્રેનોમાં નોનવેજ વાનગીઓ નહી મળે. આ બાબતનો પ્રસ્તાવ રેલવેએ મોકલી આપ્યો છે.

# છત્તીસગઢમાં નકસલી હુમલો : ૭ જવાન શહીદ

**નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કરી ગોળીબાર કર્યો : નક્સલવાદીઓ હજુ પણ સક્રિય હોવાના અહેવાલથી કેન્દ્રની ચિંતામાં વધારો : નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ઓપરેશન જારી : માર્ચ બાદ ફરીવખત હુમલો**



દાંતેવાડા, તા.૨૦

છત્તીસગઢના દાંતેવાડામાં નકસલવાદીઓના આઈઈડી બ્લાસ્ટમાં સાત જવાન શહીદ થયા છે. નકસલવાદીઓએ હુમલો કરીને ફરી એકવાર પોતાની શક્તિ દર્શાવી છે અને સાબિતી આપી છે કે, નકસલવાદીઓ હજુ પણ મોટાપાયે સક્રિય થયેલા છે. નકસલવાદીગ્રસ્ત વિસ્તારોની સંખ્યામાં ચોક્કસપણે ઘટાડો થઈ રહ્યો છે પરંતુ અનેક જગ્યાઓ ઉપર નકસલવાદીઓ હજુ પણ મોટાપાયે સક્રિય થયેલા છે. આજે કરવામાં આવેલા હુમલામાં સશસ્ત્ર દળના પાંચ અને ડિસ્ટ્રીક્ટ ફોર્સના બે જવાન શહીદ થયા હતા. બીજી બાજુ આ હુમલામાં કેટલાક જવાનોને ઈજા પણ થઈ હતી. નકસલવાદીઓએ પોલીસની ગાડીને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. આ ઘટના દાંતેવાડાના છોલનાર ગામમાં બની હતી. નકસલવાદી વિરોધી ટોળકીના અધિકારીઓનું કહેવું છે કે, સાત જવાન આમા શહીદ થયા છે. અન્ય એકને ઈજા થઈ છે. નકસલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ચર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. બ્લાસ્ટની તીવ્રતા ખુબ વધારે જોવા મળી હતી. આ પહેલા ૧૩મી માર્ચના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

# આજથી પ્રધાનમંત્રી મોદી રશિયાની યાત્રાનો આરંભ

**દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઇ જવાશે : બીજી અવધિ માટે પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ પુટિને બે સપ્તાહમાં મોદીને રશિયા આવવા માટે આમંત્રણ આપ્યું**



નવીદિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે સોમવારના દિવસે રશિયાની ઐતિહાસિક યાત્રાએ પહોંચી રહ્યા છે. અલબત્ત તેમની આ પ્રથમ રશિયન યાત્રા નથી પરંતુ અન્ય યાત્રાઓ કરતા આ યાત્રા અલગ છે. રશિયામાં ભારતના રાજદૂત પંકજ સારણે માહિતી આપતા કહ્યું છે કે, બીજી વખત પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા બાદ માત્ર બે સપ્તાહની અંદર જ પ્રમુખ વ્લાદીમીર પુટિને પોતે ફોન કરીને મોદીને રશિયન યાત્રા માટે આમંત્રણ આપ્યું હતું. પંકજ સારણનું કહેવું છે કે, બંને નેતાઓ વચ્ચે આ ખુબ જ મહત્વપૂર્ણ બેઠક રહેશે. આ બેઠક એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે, પુટિને મોદીને ચોથી વખત પ્રમુખ બન્યા બાદ તમામ મુદ્દા પર ચર્ચા કરવા માટે આમંત્રણ આપ્યું છે. બંને દેશો વચ્ચે અને બંને નેતાઓ વચ્ચે પણ અંગત સંબંધો પણ ખુબ મજબૂત રહ્યા છે. સારણનું કહેવું છે કે, બંને નેતાઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એકબીજાની અર્થવ્યવસ્થા અને પ્રભાવને વધારે શ્રેષ્ઠ બનાવવા માટે પારસ્પર સહયોગ પર ચર્ચા કરશે. મોદી રશિયાના સોચીમાં

● અનુસંધાન પાન-૭ પર

# કુમારસ્વામીની તાજપોશીમાં મહારથીઓ ઉમટશે

બેંગલોર, તા.૨૦

કર્ણાટકમાં જોરદાર ઘટનાક્રમના દોર બાદ બુધવારે જેડીએસના નેતા કુમારસ્વામી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને મળશે. બીજી બાજુ શપથવિધિને મેગા શો બનાવવાની તૈયારી પણ કરવામાં આવી છે. બિનભાજપ શાસિત નાયડુ, ચંદ્રશેખર રાવને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્ટેડિયમમાં ત્રણથી ચાર લાખ લોકો ઉપસ્થિત રહે તેમ પણ માનવામાં

**આજે સોનિયા ગાંધીને મળવા દિલ્હી પહોંચશે : શપથવિધિમાં મમતા, માયાવતી, અખિલેશ યાદવ તેમજ ચંદ્રાબાબુ નાયડુને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ અપાયું**



મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. કુમારસ્વામી મુખ્યમંત્રીના શપથ લેતા પહેલા આવતીકાલે સોમવારે દિલ્હી જશે. દિલ્હીમાં તેઓ યુપીએના વડા સોનિાય ગાંધી અને રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. કાંતિરવા સ્ટેડિયમમાં શપથવિધિ થશે. મમતા બેનર્જી, માયાવતી, અખિલેશ યાદવ, ચંદ્રાબાબુ ઓ છે. કુમારસ્વામીએ કહ્યું હતું કે, રાજ્યપાલે અમને ૧૫ દિવસમાં બહુમતિ સાબિત કરવા માટે કહ્યું છે. હકીકતમાં અમને આટલા સમયની જરૂર નથી.

# કર્ણાટકમાં નવી સરકારમાં કોંગ્રેસના ૨૦,જેડીએસના ૧૩ મંત્રીઓ હશે

**કોંગ્રેસના જી પરમેશ્વરને ઉપ-મુખ્યમંત્રી બનાવાય તેવી શક્યતા**

બેંગ્લુરુ,તા.૨૦

કર્ણાટકમાં કુમારસ્વામી સરકાર માટે ફોર્મ્યુલા તૈયાર થઈ ગઈ છે. કોંગ્રેસના ૨૦ અને જેડીએસના ૧૩ મંત્રીએ હશે. શપથ ગ્રહણ સમારોહ બુધવારના રોજ યોજાશે. અચાનક શનિવાર મોડી રાત્રે કોંગ્રેસ અને ત્નઙ્ઘજી વચ્ચે સરકાર બનાવવા માટે બેઠક કરી હતી. જેમાં ૨૦-૧૩નું ફોર્મ્યુલા જાહેર કરવામાં આવ્યું છે. સંમેલનની દ્રષ્ટિએ કોંગ્રેસના ૨૦ મંત્રીઓ હશે, જ્યારે જેડીએસના ૧૩ ધારાસભ્યો મંત્રી બનશે.

કોંગ્રેસ-જેડીએસ વચ્ચેની બેઠકમાં તમામ મંત્રાલયોના ભાગલા પાડવાની ચર્ચા કરી હતી. કુમારસ્વામી મુખ્યમંત્રી ઉપરાંત નાણા મંત્રાલય પણ સંભાળશે. કોંગ્રેસના જી પરમેશ્વરને ઉપ-મુખ્યમંત્રી બનાવાય તેવી શક્યતા છે.બાકીના મંત્રાલયો પર નામ નક્કી કરવા માટે કોંગ્રેસ અને જેડીએસના નેતાઓ વચ્ચે આજે પણ બેઠક થઈ શકે છે.

ધ્યાન આપવું જોઈએ કે કર્ણાટકમાં હવે જેડીએસ-કોંગ્રેસની સરકાર બની રહી છે. આ ગઠબંધનને રાજ્યપાલ વજુભાઈએ સરકાર બનાવવા માટે આમંત્રિત કર્યા છે. હવે બુધવારે ત્નઙ્ઘજીના એચ.ડી. કુમારસ્વામીને રાજ્યના મુખ્યમંત્રીના પદ માટે શપથ લેશે. તે સમયે કુમારસ્વામીએ પોતાના શપથ ગ્પહણ સમારોહમાં શામેલ થવા માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને આમંત્રણ આપવા માટે આજે દિલ્હી જઈ શકે છે. સૌ પ્રથમ શપથ સોમવારે લેવાની વાત કરી હતી પણ પછીથી તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેથી હવે શપથ ગ્રહણ સમારોહ સોમવારના બદલે હવે બુધવારના થશે. આ પ્રસંગે તેલંગાનાના રાષ્ટ્ર સમિતિના પ્રમુખ કે. ચંદ્રશેખર રાવ, ત્રિનામૂલ કોંગ્રેસના નેતા મમતા બન્નેજી, યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધી અને કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત અન્ય મહાન નેતાઓ આવે તેવી આશા છે. કુમારસ્વામી બધા પ્રદેશિક નેતાઓને વ્યક્તિગત રીતે સમારંભમાં આવવા માટે ફોન કર્યા છે.

# ભારત દુનિયાનો છઠ્ઠો સૌથી ધનિક દેશ બન્યો

**પ્રથમ સ્થાને અમેરિકા : ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વનો ચોથો સૌથી ધનિક દેશ બનશે**

ન્યુ દિલ્હી,તા.૨૦

ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી ધનિક દેશ બની ગયો છે. દેશની સંપત્તિ ૫૫૯ લાખ કરોડ રૂપિયા (૮૨૩૦ અબજ ડૉલર)થી વધારે થઈ ગઈ છે. આ વાત AFR એશિયા બેંક ગ્લોબલ વેલ્થ માઈગ્રેશન રીવ્યુથી સામે આવી છે. રીપોર્ટ મુજબ, વિશ્વનો સૌથી ધનિક દેશ અમેરીકા બની ગયો છે. અમેરીકાની સંપત્તિ ૬૨,૫૮૪ અબજ ડૉલર (૪૨.૫૪ લાખ અબજ રૂપિયાથી વધુ) છે. આ યાદીમાં બીજા ક્રમે ૨૪,૮૦૩ અબજ ડૉલરની સાથે ચીન અને ૧૯,૫૨૨ અબજ ડૉલરની સાથે જાપાન ત્રીજા ક્રમે રહ્યું છે.

બેંકની સમીક્ષામાં કોઈ પણ દેશના દરેક વ્યક્તિની કુલ ખાનગી સંપત્તિને આધાર માનવામાં આવી છે. શીર્ષ ૧૦માં સામેલ અન્ય દેશોમાં બ્રિટનની કુલ સંપત્તિ ૯૯૧૯ અબજ ડૉલર, જર્મનીની કુલ સંપત્તિ ૯૬૬૦ અબજ ડૉલર, ઓસ્ટ્રેલિયાની કુલ ૬૧૪૨ અબજ ડૉલર, કેનેડાની કુલ સંપત્તિ ૬૩૯૩ અબજ ડૉલર, ફ્રાન્સની કુલ સંપત્તિ ૬૬૪૯ અબજ ડૉલર અને ઈટાલીની કુલ સંપત્તિ ૪૨૭૬ અબજ ડૉલર છે.

# પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને, ડ્યૂટી ઘટાડવાનો સ્પષ્ટ ઈન્કાર




ન્યુ દિલ્હી,તા.૨૦

પેટ્રોલ-ડીઝલના ભાવમાં છેલ્લાં ચાર અઠવાડિયામાં સૌથી વધારે વધારો થયો છે. રવિવારે પેટ્રોલના ભાવ ૭૬.૨૪ રૂપિયા પ્રતિ લિટર પહોંચી ગયા છે, જ્યારે ડીઝલનો ભાવ ૬૭.૫૭ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે. આ રીતે દિલ્હીમાં રવિવારે અત્યાર સુધીમાં સૌથી મોંઘું પેટ્રોલનું વેચાણ થયું છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત સૌથી વધુ છે. સ્થાનિક ટેક્સ સહિત ૮૪.૦૭ રૂપિયામાં પેટ્રોલ મળી રહ્યું છે.

પેટ્રોલના ભાવે દિલ્હીમાં મોંઘવારીનો રેકોર્ડ તોડ્યો છે. પહેલાં ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૩ અહીં પેટ્રોલની કિંમત ૭૬.૦૬ રૂપિયા થઈ હતી જે અત્યાર સુધી સૌથી વધુ હતું. ઓઈલ કંપનીઓના પ્રતિનિધિઓએ પ્રાઈસ નોટિસને આધારે દિલ્હીમાં રવિવારે પેટ્રોલના ભાવમાં ૩૩ પૈસા પ્રતિ લીટર વધારો થયો હતો. જે ગત વર્ષે જૂન મહિનામાં દૈનિક પ્રાઈઝ રિવિઝન લાગુ થયા પછી ડીઝલના ભાવમાં ૨૬ પૈસા વધારો થયો હતો.

# આતંકનો જવાબ 'સિધૂં નદીના પાણી'થી અપાશે

**મોદીએ ૩૩૦ મેગાવોટની ક્ષમતાવાળી કિશનગંગા યોજનાનું ઉદ્‌ઘાટન કર્યું હતું**

ન્યુ દિલ્હી,તા.૨૦

પાકિસ્તાનના આતંકનો



જવાબ પાણીથી આપવા માટે ભારતે બાંયો ચઢાવી છે. એટલુ જ નહી વહેલી તકે આ પ્લાન અમલમાં મુકી શકાય તે માટે કેન્દ્ર સરકાર કવાયત કરી રહી છે.

શનિવારે વડાપ્રધાન મોદીએ ૩૩૦ મેગાવોટની ક્ષમતાવાળી કિશનગંગા યોજનાનુ ઉદઘાટન કરવાની સાથે સાથે કિશ્તવાર જિલ્લામાં ૧૦૦૦ મેગાવોટની પાકલ દુલ વિદ્યુત યોજનાનો શિલાન્યાસ પણ કર્યો હતો.

આ બંને યોજનાઓ પાકિસ્તાન સામેની સરકારની રણીનીતિનો જ એક હિસ્સો છે.પાકિસ્તાન સાથે ભારત દ્વારા ૧૯૬૦માં સિંધુ નદી માટે કરાર થયો હતો. જેના ભાગરૂપે હવે ભારત પોતાના હિસ્સાના પાણીનો વધારે ને વધારે ઉપયોગ કરશે. જેનાથી પાકિસ્તાન માટે મુસીબત સર્જાઈ શકે છે. હાલમાં ભારત સિંધુ નદીના પાણીનો પુરેપુરુ ઉપયોગ નથી કરી રહ્યું. જેના કારણે પાકિસ્તાનને જે કરાર થયો છે તેના કરતા અનેકગણું વધારે પાણી વાપરવા મળી રહ્યુ છે. ભારત સરકાર હવે આ સ્થિતિ બદલવા માંગે છે.

જે માટે સરકારે સિંધુ નદી પર હાઈડ્રોઈલેક્ટ્રિસિટી પેદા કરવા માટેના જેટલા પણ પ્રોજેક્ટસ છે તેને વેગ આપવાનુ નક્કી કર્યુ છે. આ એવી યોજનાઓ છે જેને દાયકાઓ પહેલા મંજૂરી ગઈ હતી. પણ કાયદાકીય અડચણોના કારણે તેના પર કામ થઈ શકતુ ન હતુ.જેમ કે સાવલકોટ યોજનાને ૧૯૯૧માં મંજૂરી મળી હતી.કેન્દ્ર સરકારની પર્યાવરણ સમિતિએ ૨૦૧૭માં તેને લીલી ઝંડી આપી દીધી છે.આ જ રીતે પાકલ દુલ યોજના પણ કાનૂની દાવપેચમાં ફસાઈ હતી.તેનો પણ રસ્તો સરકારે કાઢી લીધો છે.

**ફ્લેટ ભાડે આપવાનો છે**

2 BHK ફુલ્લી ફર્નિશ્ડ
સૌંદર્ય-૪૪૪
Bank / Co. Family/બેચલરને
The Space 93287 01440
93288 01440

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**શું તમે સારી નોકરીની શોધમાં છો ?**
શું તમે ધોરણ ૧૦, ૧૨ પાસ/નાપાસ અથવા ગ્રેજ્યુએટ છો ?
શું તમે તમારા ભવિષ્યની ચિંતા કરો છો ?
શું તમે એરપોર્ટ, એરલાઈન્સ, ક્રુઝ લાઈન કે હોટેલ ઈન્ડસ્ટ્રીઝમાં કારકીર્દી બનાવવા માંગો છો ?
દેશ-વિદેશમાં નોકરીની ઉજ્જવળ તકો...

**૧૦૦ % જોબ ગેરંટી**

IATA | Authorized Training Center

- ફક્ત ૪ મહીનામાં મેળવો આંતરરાષ્ટ્રીય ડિપ્લોમા • ૧૫ દિવસનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ
- ૨૫ વર્ષ થી વધુ બહોળો અનુભવ ધરાવતા માર્ગદર્શક
- પ્રવાસન અને ઉડ્ડયન ક્ષેત્રે ઉત્તમ કારકીર્દી બનાવવાની તક
- આપની કારકીર્દીને સફળતાના શિખરે લઈ જવા આજે જ રજીસ્ટ્રેશન કરાવો.

**કારકીર્દી બનાવવાની તકો**

- ટ્રાવેલ એજન્સી
- એરલાઈન્સ
- કાર્ગો કંપની
- હોટલ અને રીસોર્ટ
- એરપોર્ટ જોબ
- ટૂર કંપની

श्रमम् विना न किमपि साध्यम्
BAPU GUJARAT KNOWLEDGE VILLAGE

R K ACADEMY
OF EXCELLENCE PVT. LTD.
IELTS | STUDENT VISA | CAREER COUNSELLING | IATA TRAINING

+91-7228 957016 / +91-97129 31222 (24 x 7)

**બાપુ ગુજરાત નોલેજ વિલેજ**
ગાંધીનગર-માણસા રોડ, વાસણ, ગાંધીનગર http://rkacademy.net